# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org**

सत्यमेव जयते


જા.નં.મા-૧/પ્ર.મં/૨૦૨૫/૧૩૨૯૨ તા.૧૩/૧૧/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

<u>વિષય</u>:- L&T, CSR અને રામકૃષ્ણ સંવેદન ટ્રસ્ટ દ્વારા યોજાનાર વિદ્યાર્થીઓ માટે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ બાબત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે L&T, CSR તથા રામકૃષ્ણ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમ હેઠળ "તરુણ મેળા"નું આયોજન તા.૧૮/૧૧/૨૦૨૫ અને ૧૯/૧૧/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સ્વાસ્થ્ય જાગૃતિ માટે અનેકવિધ કૃતિઓ પ્રદર્શિત થનાર છે તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, સ્વચ્છતા, જીવનકૌશલ્ય જેવા વિષયો પર નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સદર કાર્યક્રમમાં આપની શાળાના ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને મુલાકાત કરાવવા જણાવવામાં આવે છે.

**<u>કાર્યક્રમનું સ્થળ:- લોકમાન્ય વિદ્યાલય, રાંદેર, સુરત.</u>**

**<u>કાર્યક્રમનો સમયપત્રક નીચે મુજબ રહેશે:</u>**

તા.૧૮/૧૧/૨૦૨૫ – ઉદ્ઘાટન સમારોહ:-

- સવારે ૧૦.00 કલાક થી ૧૧.30 કલાક

**મુલાકાતનો સમય:**

- ૧૧.30 કલાક થી 0૪.00 કલાક

તા.૧૯/૧૧/૨૦૨૫:-

**મુલાકાતનો સમય:**

- સવારે 0૯.00 કલાક થી બપોરના 03.00 કલાક સુધી
- ૧૧.30 કલાક થી 0૪.00 કલાક

**સમાપન કાર્યક્રમ:**

- બપોરે 03.કલાક થી 0૪.00 કલાક

**કાર્યક્રમની વધુ માહિતી માટે તો નીચેના સંપર્ક કરશો:-**

- ડો.અમી યાજ્ઞિક(મો.૯૮૨૪૦૫૧૫૩૨)
- પ્રીતિ જોશી(મો.૯૮૯૮૯૫૬૧૮૮)

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ-સુરત

**LARSEN & TOUBRO**

*Larsen & Toubro Limited*
*Hazira Central Services*
*A M Naik Heavy Engineering Complex*
*Post: Mora, Surat 394 517*
*Gujarat, INDIA*
*Tel.: +91 261 280 5000*
*Fax: +91 261 280 5050*
*www.Larsentoubro.com*

**તા.-૧૨ નવેમ્બર ૨૦૨૫**

**પ્રતિશ્રી,**

**જીલ્લા શિક્ષણાધિકારી,**

**જીલ્લા સેવા સદન – ૨**

**અઠવાલાઇન્સ, સુરત**

વિષય: L&T, CSR અને રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાનાર તરૂણ મેળાનું આમંત્રણ સુરત શહેરની શાળાઓમાં આપવા બાબત

L&T, CSR અને રામકૃષ્ણ સંવેદના ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિરામય પ્રોજેક્ટ હેઠળ તરુણ મેળાનું આયોજન ૧૮ અને ૧૯ નવેમ્બર 2025 ના રોજ લોકમાન્ય વિદ્યાલય, રાંદેર માં રાખવામાં આવેલ છેસવાસ્થ્ય જાગૃતિ માટે અનેકવિધ સર્જનાત્મક અને કલાત્મક કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઓલપાડ, ચોર્યાસી અને સુરત શહેરની ૩૧ શાળાઓના બાળકો ભાગ લેશે. અને આ શાળાઓના બાળકો તેમજ આસપાસની શાળાઓના બાળકો મુલાકાત લેશે.

ઉદ્દેશ્ય: વિધાર્થીઓમાં સવાસ્થ્ય જાગૃતિ થકી રાષ્ટ્રના તંદુરસ્ત નાગરિકના ઘડતર કરવા માટે

આ કાર્યક્રમમાં બાળકો અનેકવિધ સ્ટેજ કાર્યક્રમો, સ્ટોલ પ્રદર્શન અને પ્રવૃતિઓ દ્વારા સ્વાસ્થ્ય શિક્ષણ મેળવશે.

કાર્યક્રમનો સમય નીચે મુજબનો રહેશે.

૧૮ નવેમ્બર ૨૦૨૫ – ઉદ્ઘાટન સમારોહ - સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦

મુલાકાતનો સમય - ૧૧:૩૦ થી ૦૪:૦૦

૧૯ નવેમ્બર ૨૦૨૫ – મુલાકાતનો સમય - સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધી

સમાપન કાર્યક્રમ – બપોરે ૦૩:૦૦ થી ૦૪:૦૦

તરુણ મેળા દરમિયાન રજૂ થનારા વિષયો જેમ કે શારીરિક ફેરફારો, માસિક સ્રાવ સ્વાસ્થ્ય, લાગણીઓ જાણો, પોષણ, માનસિક સ્વાસ્થ્ય, આત્મહત્યા નિવારણ, ટ્રાફિક નિયમો, સાયબર સલામતી, ગુંડાગીરી, બાળ જાતીય શોષણ, ના કેવી રીતે કહેવું, સ્વાસ્થ્ય માટે યોગ/ઝુમ્બા, મૂલ્ય


Sensitivity : This Document is Classified as "LNT Internal Use".

**LARSEN & TOUBRO**

***Larsen & Toubro Limited***
*Hazira Central Services*
*A M Naik Heavy Engineering Complex*
*Post: Mora, Surat 394 517*
*Gujarat, INDIA*
*Tel.: +91 261 280 5000*
*Fax: +91 261 280 5050*
*www.Larsentoubro.com*

શિક્ષણ રમતો, શાંતિ રમતો, લિંગ કેવી રીતે નક્કી થાય છે, કચરો અલગ કરવાની રમત, જીવન કૌશલ્ય રમતો, કિશોર મૈત્રીપૂર્ણ આરોગ્ય ક્લિનિક વગેરે ..

આ કાર્યક્રમમાં ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મુલાકાત કરાવવાની રહેશે. મુલાકાત લેવા માટે તમારો સ્લોટ ૧૫ નવેમ્બર, શનિવારે ૧૨ વાગ્યા સુધીમાં નીચે આપેલ નંબર પર સંપર્ક કરીને નોંધાવવાનો રહેશે.

આ સ્પર્ધાના ભાગરૂપે તરુણાવસ્થાના વિષય ઉપર એક ક્વિઝ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં તમે ભાગ લઇ શકો છો. જે માટે શનિવાર બપોરે ૨ વાગ્યા સુધીમાં નોંધણી કરાવવાની રહેશે.

કાર્યક્રમની કોઈ પણ માહિતી મેળવવા માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરી શકો છો.

ડો. અમી યાજ્ઞિક - (મોં: ૯૮૨૪૦૫૧૫૩૨), પ્રીતિ જોશી - (મોં: ૯૮૯૮૯૫૬૧૮૮)

આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી કે આ કાર્યક્રમનું આમંત્રણ સુરત શહેરની શાળાઓને આપના તરફથી આપવામાં આવે કે જેથી દરેક શાળાઓના બાળકો આ કાર્યક્રમ થકી તરુણાવસ્થાનું જ્ઞાન મેળવે.

સહકારની અપેક્ષા સહ...

**આપનો વિશ્વાસુ,**

**માનસી દેસાઇ**
**મેનેજર, CSR ડીપાર્ટમેન્ટ**
**લાર્સન એન્ડ ટુબ્રો, હજીરા**
**કોનટેક્ટ નંબર: 0261 280 7188**